# ॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ સ્વાતિબહેન (મૅરિલૅન્ડ, યુ.એસ.એ.)

શ્રી ઠાકોરજીની અનંત કૃપાથી મને ગુરુહરિ સાહેબદાદા ગુરુરૂપે પ્રાપ્ત થયા તે મારા જીવનની સર્વોચ્ચ અણમોલ પ્રાપ્તિ છે. લગ્ન પછી, ૧૯૮૫માં જ્યારે અમેરિકાની ધરતી પર પગ મૂક્યો ત્યારે પૂજ્ય પુષ્પાબા અને પૂજ્ય હરિહરદાદા થકી પ્રથમવાર ગુરુહરિ સાહેબદાદાનાં દિવ્ય દર્શનનો લાભ મળ્યો. નાનપણથી વૈષ્ણવ પરિવારની પરોક્ષ ભક્તિના સંસ્કારો મળ્યા, પણ ગુરુહરિ સાહેબદાદાના સાંનિધ્યમાં પ્રગટની ઉપાસનાની દૃઢતા થઈ. સાહેબદાદાની હૃદયથી ખૂબ આભારી છું કે, અમને જેવાં હતાં તેવાં પ્રેમથી સ્વીકાર્યાં, સતત પ્રેમ આપી અમારું ખૂબ જતન કર્યું. શાંતિદાદા અને અશ્વિનદાદાનાં વર્ષોનાં સતત હૂંફ અને સમાગમથી ભક્તિ વધારે ફળીભૂત થઈ. સાહેબદાદાએ ખૂબ દાખડો કરી પશ્ચિમી દેશોમાં જન્મેલાં અને ઊછરતાં બાળકોનાં સંસ્કારસિંચન અને ભક્તોનાં આધ્યાત્મિક કલ્યાણ માટે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં મંદિરોની ભેટ આપી. બાળકો નાનાં હતાં ત્યારે સાહેબદાદા હંમેશાં સભામાં માતા-પિતાને ખૂબ પ્રોત્સાહિત કરતા કે, 'બાળકોને નિયમિત મંદિરે સભા, સમૈયા અને યૂથ કૅમ્પમાં લાવવાં.' સાહેબદાદાની આ એક નાનકડી આજ્ઞાએ અમારા જીવનમાં ખૂબ મોટું કામ કર્યું છે. અમે શમિત અને મિહિરને બાળપણથી મંદિરમાં લઈ જવાનું શરૂ કર્યું. જેના ફળસ્વરૂપે સંતોના યોગથી સત્સંગનો પાયો દૃઢ થયો અને તેઓની શક્તિઓ ખીલી ઊઠી. ૧૯૯૪માં અમેરિકામાં કૅમ્પની શરૂઆત થઈ ત્યારથી સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાની આજ્ઞાથી કૅમ્પમાં નાનાં-નાનાં બાળકો અને જુનિયર કૅમ્પર્સ સાથે ઘણાં વર્ષો સેવા કરવાની તક મળી. અને આજે એ બાળકોને યૂથ લીડર્સ તરીકે શ્રી ઠાકોરજી અને સાહેબદાદાનું કાર્ય કરતાં જોઈને અંતરે ખૂબ આનંદની અનુભૂતિ થાય છે.

મારો દીકરો મિહિર લગભગ સાત વર્ષનો હતો ત્યારે આપણા ઘરે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા અને સંતોની પધરામણી થઈ હતી. તે વખતે તેણે મહાપૂજામાં 'આજ મને સામો મળ્યો છે અલબેલો...' ભજન ગાયું, ત્યારે શાંતિદાદા ખૂબ પ્રસન્ન થયા અને મને કહ્યું, 'બેટા, મિહિરને સંગીતના ક્લાસ કરાવજે.' મને તરત જ વિચાર આવ્યો-હવે અમેરિકામાં શાસ્ત્રીય સંગીત શિખવાડનાર કોણ મળશે? પણ થોડો પ્રયત્ન કરતાં જ અમારા ઘરની નજીક એક ખૂબ સરસ સંગીતશિક્ષક મળ્યા. મિહિરે ત્યાં સંગીત શીખવાનું શરૂ કર્યું. શાંતિદાદાની આ એક નાનકડી આજ્ઞા પાળવાનું પરિણામ આજે જોઈએ તો એ ખૂબ સુંદર ભાવથી ભજનો ગાઈ તેની આવડત અને હોશિયારી ભગવાનને રાજી કરવા માટે ભક્તિરૂપે અર્પણ કરે છે. સાહેબદાદા તેને 'વૉઇસ ઑફ સાયગલ' કહીને બોલાવે છે. એટલું જ નહીં, ૨૦૧૦માં મિહિર જ્યારે કૉલેજમાં ભણવા માટે ગયો ત્યારે પ્રથમ વર્ષમાં જ તેણે અનોખા ઇન્ડિયન-ફ્યુઝન આકાપેલા સંગીત ગ્રુપમાં જોડાવાની ઇચ્છા દર્શાવી. 'આકાપેલા' એટલે સંગીતનો એવો પ્રકાર કે જેમાં કોઈ વાદ્યયંત્રનો ઉપયોગ કર્યા વગર ગાયક પોતાના અવાજથી જ તાલ, લય અને બૅકગ્રાઉન્ડ મ્યુઝિક ઊભું કરે. મને એક બાજુ આનંદ થયો કે તેની આવડત વધુ ખીલી ઊઠશે, પણ એક માતા તરીકે થોડી ચિંતા પણ થઈ. આ ગ્રુપમાં જુદી જુદી સંસ્કૃતિના લોકો હશે, વિવિધ કાર્યક્રમો માટે મુસાફરી કરવી પડશે, તો તેને કેવો સંગ મળશે? આવા અનેક પ્રશ્નો સાથે મેં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાને વાત કરી. તેમણે ખૂબ શાંતિથી કહ્યું, 'બેટા, તું જરાય ચિંતા ના કર. બધા મિહિરના વર્તનમાંથી ગુણ લેશે. ભગવાન અને સાહેબદાદા હંમેશાં તેની સાથે છે.' આ વાક્ય મારા માટે આશ્વાસન બનીને હૃદયને સ્પર્શી ગયું. કૉલેજમાં ભણતરની સાથે સાથે મિહિરે ઍડવાન્સ્ડ મ્યુઝિક થિયરી અને કૉમ્પોઝિશન શીખી આ ગ્રુપનો આસિસ્ટન્ટ મ્યુઝિક ડિરેક્ટર પણ બન્યો. ૨૦૧૩માં અમેરિકામાં 'સંત આજ્ઞા સોપાન પર્વ'ની ઉજવણી થઈ ત્યારે મિહિરે ગ્રુપના સાથીમિત્રોને સહજતાથી મંદિરમાં ભજનસંધ્યામાં કાર્યક્રમ રજૂ કરવાની વાત મૂકી તો આશ્ચર્ય વચ્ચે બધાએ તરત તેનો સ્વીકાર કર્યો. જ્યારે ઘરે આવીને આ વાત તેણે મને કરી, ત્યારે મને પણ ખૂબ નવાઈ લાગી કે, અમેરિકન વિદ્યાર્થીઓ, જેમને મંદિરમાં ગાવાનો અનુભવ ન હોય અને તેમણે ઉનાળાની રજાઓમાં મંદિરે ભજનો પર કાર્યક્રમ કરવાની હા પાડી! ફરી ત્યારે મને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના આશીર્વાદની સ્મૃતિ થઈ. ભજનસંધ્યાના તે દિવ્ય દિવસની આજે પણ ઈદં સ્મૃતિ થાય છે. જે રીતે ભજનો ભાવપૂર્વક ગવાયાં, જે રીતે સાહેબદાદા અને સંતોએ રાજીપો દર્શાવ્યો-તે ક્ષણો અમર બની ગઈ. એ પ્રસંગે મને ફરીથી ગુરુ આજ્ઞા મહિમાની દૃઢતા થઈ.

૧૯૯૬માં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની આજ્ઞાથી બાળકોને આપણી સંસ્કૃતિ અને માતૃભાષા જળવાઈ રહે તે માટે પૂજ્ય પુષ્પાબાને ગુજરાતી ભાષા શિખવાડવા માટેની સેવા આપી હતી. જેના પરિણામે અમેરિકામાં વસતાં ગુજરાતી કૉમ્યુનિટીનાં ઘણાં બધાં બાળકો ગુજરાતી માતૃભાષા સ્વતંત્ર રીતે લખતાં, વાંચતાં, બોલતાં અને સાંભળતાં શીખ્યાં. પુષ્પાબા એક આદર્શ શિક્ષક હતાં. તેઓની ગુજરાતી અને સંસ્કૃત ભાષા પર જબરજસ્ત પકડ હતી. આજે જ્યારે શમિત અને મિહિર આપણાં ભજનો અને શ્લોકોનો ભાવાર્થ સમજીને શ્રી ઠાકોરજી અને સાહેબદાદાના ચરણોમાં ભક્તિ અર્પણ કરી શકે છે ત્યારે સહેજે અનુભવાય છે કે, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની નાનકડી આજ્ઞાના ફળરૂપે જ આ શક્ય બન્યું છે.

મારા જીવનમાં સાહેબદાદાની 'નિયમિત અડધો કલાક ધૂન કરવા'ની આજ્ઞાએ તો કલ્પના બહારનું કામ કર્યું છે. પહેલાં જ્યારે પ્રસંગો બનતા ત્યારે નાની-મોટી વાતમાં મન અશાંત થઈ જાય, ઉદ્વેગ-ઉચાટ રહે અને શું થશે? કેવી રીતે થશે? આવા વિચારો મનમાં સતત રહ્યા કરતા. દરરોજ અડધો કલાક ધૂનની પ્રૅક્ટિસથી ધીમે ધીમે ભગવાનનો આશરો લેવાનું શીખી અને હવે મનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... રટણ થયા જ કરે છે. જીવનમાં જે પ્રસંગો બને છે તે પોતાની કંઈક ઝીણી ઝીણી કસર કાઢવા માટે જ આવે છે તે પણ સમજાયું. અને દરેક પ્રસંગમાંથી કંઈક ને કંઈક નવું શીખવા પણ મળ્યું. જેના પરિણામે ભગવાન જ કર્તા-હર્તા છે તેની દૃઢતા થતી ગઈ. પહેલાં કરતાં શાંતિ અને સ્થિરતા વધતાં ગયાં. કુટુંબે સહિત જે પ્રાપ્તિ થઈ છે, જે જીવન પરિવર્તન થયું છે તેનું શબ્દોમાં વર્ણન અશક્ય છે. અમારાં જીવનમાં પણ ક્યારે ભગવાન અને ગુરુ પ્રધાન થઈ ગયા તેની ખબર જ ના પડી. સત્સંગનો સાચો પરમ આનંદ લૂંટતાં સાહેબદાદાએ અમને કરી દીધાં. હે સાહેબદાદા! આપની આજ્ઞારૂપી વચનનું પાલન મારા જીવનનો ધ્યેય બની રહે તે જ પ્રાર્થના! ◆